ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૭૩ ટકા
ગાંધીનગર તાપમાન

# લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા 'મનદુરસ્તી' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

કોરોનાની પરિસ્થિતિને કારણે સર્જાયેલી માનસિક હતાશાભરી પરિસ્થિતિમાં જાતને સંભાળવી અત્યારે અઘરી બની છે અને આવી સ્થિતિમાં અનેક પરિવારો માનસિક, સામાજિક, આર્થિક અસલામતી અનુભવી રહ્યા છે ત્યારે આવા અસામાન્ય સંજોગોમાં મનની દુરસ્તી સાથે તનની દુરસ્તીને સાંકળતો 'મનદુરસ્તી' વિષય પરના સંવાદનું આયોજન લાયન્સ ક્લબ ઓફ ફેમીના દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં ગોલ્ડ મેડાલિસ્ટ સાઈકિયાટ્રિસ્ટ ડૉ. ધ્રુવ ઠક્કર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ડૉ. ધ્રુવ દ્વારા જણાવાયું હતું કે, રોગનું ન હોવું એ જ સ્વસ્થતા નથી. નીરોગીપણું અને સ્વસ્થતા બે જુદી વસ્તુ છે. જીવનમાં શારીરિક, માનસિક, સામાજિક સ્વાસ્થ્ય જરૂરી છે જેના વિચારવાણી, વર્તન, આત્મવિશ્વાસ, એકાગ્રતા, સમજ, અર્થઘટનની ક્ષમતા બરાબર એ માનસિક રીતે સ્વસ્થ વ્યક્તિ કહી શકાય. આ ઉપરાંત પડકારોને સારી રીતે ઝીલીને આપણું યોગદાન સમાજમાં આપી શકવા સક્ષમ હોવું એ સ્વસ્થતાના લક્ષણ તેઓએ ગણાવ્યા હતા. હતાશાની વ્યાખ્યા કરતાં ડૉ. ધ્રુવે જણાવ્યું કે, મનની આસપાસના અભેદ્ય મજબૂત કિલ્લામાં પડેલી નાનકડી તિરાડ મનની મજબૂતીને નબળી પાડે છે. એવા સંજોગોમાં નાનકડી ખરાબ બાબત પણ મનના કિલ્લાને કડડભૂસ કરી શકે છે આવા સંજોગોમાં વ્યક્તિને જ્ઞાન નહીં ધ્યાન એટલે કે સંભાળની જરૂર

હોય છે. આવામાં સલાહ બિન ઉપયોગી બલ્કે નુકસાનકારક નીવડી શકે છે.

બાયો સાયકોલોજીકલ મોડલ સમજાવતાં તેમણે બાયોલોજીક પ્રોબ્લેમ માટે ૩ એમ (M)ની થિયરી સમજાવી હતી. જેમાં મેડિસિન (મગજ માટે શક્તિવર્ધક), મેડિકલ(થાઈરોઈડ, વિટામિન ની ઉણપ વિગેરે ની સારવાર) અને મેડિટેશનનો સમાવેશ થાય છે. સ્વસ્થ જીવન માટે એમણે ડાયેટ, એક્સસાઈઝ અને ઊંઘનું વિશેષ મહત્વ વિશે જણાવ્યું હતું.

વ્યક્તિનો સ્વભાવ પોતાની આસપાસના પાંચ વ્યક્તિના સ્વભાવ જેવો એવરેજ થઈ જતો જોવા મળે છે. નેગેટિવ વાતાવરણને ન બદલી શકવાની પરિસ્થિતિમાં બીજા હકારાત્મક અને ઉર્જાવાન વ્યક્તિઓનો પોતાના નજીકના વર્તુળમાં સમાવેશ કરવો હિતકારક બની રહે છે.

આ ઉપરાંત ત્રણ સી (C) એટલે કે સેલીબ્રેશન, કોન્ટ્રીબ્યુશન અને ક્રિએટિવિટી નું માધ્યમ અઘરા સંજોગોમાં જાતને સહારારૂપ સાબિત થાય છે અને નકારાત્મકતાથી બચી શકાય છે આ સાથે બેલીટેકનિક, સ્કેવર બ્રીધીંગ, પ્રોગેસીવ મસલ રીલેક્ષેશન દ્વારા તણાવમુક્તિનું ડૉ. ઠકકરે નિદર્શન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, ઓનલાઈન કાર્યક્રમ હોવા છતાં ભાગ લેનાર ૫૦ ફેમિલી દ્વારા સંપૂર્ણ સમય દરમિયાન ખૂબ ઉત્સાહ અને એકાગ્રતાથી એમને સાંભળવામાં આવ્યા હતા અને પ્રશ્નોતરીમાં પણ ભાગ લેવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં લાયન્સ કલબ ૩૨૩૨ બી. ૧ ના ગવર્નર નરેન્દ્ર પટેલે હાજર રહી કાર્યક્રમને બિરદાવ્યો હતો. સંસ્થાના પ્રમુખ મમતા રાવલ દ્વારા ઉપસ્થિત સર્વેનું સ્વાગત કરવામાં આવ્યું અને સેક્ટરી દક્ષા જાદવ દ્વારા સૌનો કાર્યક્રમમાં બે કલાક સંપૂર્ણ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવા બદલ આભાર માનવામાં આવ્યો હતો.

હરવા ફરવા માટે દૂરના સ્થળોએ જઈ શકાતું નથી એટલે રજાના દિવસે શહેરીજનો આસપાસમાં જ કયાંક પહોંચી જઈ રજાને માણે છે. રવિવારે રજા હોવાથી પોઈન્ટનું બસ સ્ટેન્ડ એકદમ ખાલી હોય છે. કેટલાક યુવાનો અને બાળકો આખો દિવસ અહીં ક્રિકેટ સહિતની વિવિધ રમતો રમી પસાર કરે છે.

# ભાજપ યુવા મોરચાના મેગા રકતદાન શિબિરમાં ૭૦ યુનિટસ રકત એકત્ર કરાયું

## વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે ઉજવાઈ રહેલા સેવા સપ્તાહનું રકતદાન સાથે સમાપન

ગાંધીનગર, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસ નિમિત્તે ભાજપ દ્વારા ઉજવાઈ રહેલા સેવા સપ્તાહના અંતિમ દિવસે શહેરના સેકટર-૧૬ ખાતેના સચ્ચિદાનંદ બ્રહ્મસમાજ હોલ ખાતે મેગા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦ યુનિટસ રકત એકત્ર થવા પામ્યું હતું. આ પ્રસંગે ભાજપના પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા, મેયર રીટાબેન પટેલ, રાષ્ટ્રીય મોરચાના ઉપાધ્યક્ષ દર્શન ઠાકર, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, જિલ્લા પ્રભારી ધવલ રાવલ, શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, યુવા મોરચાના પ્રમુખ જીગર પટેલ સહિત શહેરના ભાજપ અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મેગા રકતદાન શિબિરનું આયોજન શહેર ભાજપ યુવા મોરચા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ભાજપ દ્વારા અત્યાર સુધી આયોજિત રકતદાન શિબિરોમાં સૌથી વધુ રકત એકત્ર થવા પામ્યું હતું. આ રકતદાન કેમ્પમાં યુવા મોરચાના પ્રમુખ જીગર પટેલ તથા તેમની ટીમ તથા ઋષિવંશી સેવા સમાજના પ્રમુખ હેમરાજ પાડિયા તથા તેમના સ્વયંસેવકોએ રકતદાન કરવા સાથે ખડે પગે ઉપસ્થિત રહી સેવાઓ આપી હતી. રકતદાતાઓને હેમરાજ પાડલિયા દ્વારા નારિયેળ પાણી અને એનર્જી ડ્રિન્કસ, શ્રધ્ધાદીપ બ્લડબેંક દ્વારા શુભેચ્છા ભેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. રકતદાન કેમ્પમાં શ્રધ્ધાદીપ બ્લડ બેંકના મહેન્દ્રભાઈ ગજજરે સમગ્ર કેમ્પનું સંચાલન સંકલન કર્યું હતું અને તેમની ટીમે રકત એકત્ર કરવાની સેવા આપી હતી. કેમ્પ દરમિયાન માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ સહિતની કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. બાબુભાઈ શિવદાસ પટેલ, ઉ.વ. ૭૨, ભોયણી, જી. અમદાવાદ
- સ્વ. નિલેશભાઈ ડાહ્યાભાઈ પટેલ, ઉ.વ. ૪૫, કુડાસણ, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ સીતાબેન બેચરભાઈ, ઉ.વ. ૯૫, રાંધેજા, તા. ગાંધીનગર
- સ્વ. સોલંકી નવુજી નારજી, ઉ.વ. ૭૪, લિમ્બોદરા, તા. માણસા
- સ્વ. ઠાકોર મધુબેન શૈલેષભાઈ, ઉ.વ. ૬૦, શિહોલી મોટી, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ કાન્તાબેન ડાહ્યાભાઈ, ઉ.વ. ૬૬, છત્રાલ, તા. કલોલ
- સ્વ. ઠાકોર પાલીબેન મંગાજી, ઉ.વ. ૮૫, શિહોલી મોટી, તા. ગાંધીનગર
- સ્વ. લલીતકુમાર રાજકુમાર મનરાલ, ઉ.વ. ૨૭, લેકાવાડા, તા. ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ ડાહ્યાભાઈ સોમદાસ, ઉ.વ. ૬૫, કાંઠા, તા. કલોલ
- સ્વ. પદમાવતી શશીકુમાર નાયર, ઉ.વ. ૭૩, સેકટર-૧૯, ગાંધીનગર
- સ્વ. વિનોદભાઈ ડાહ્યાલાલ પંડયા, ઉ.વ. ૬૫, પેથાપુર, તા. ગાંધીનગર

ચ રોડ પર સેકટર-૮માં જવાના માર્ગે વળાંક દર્શાવતું સિગ્નલ કોઈ વાહનની ટકકરથી તુટી ગયું છે. છેલ્લા કેટલાય દિવસોથી તુટીને તે રોડની સાઈડે પડયું હોવા છતાં તેનું રીપેરીંગ થતું નથી.

# દહેગામ-નરોડા હાઈવે પર ટ્રક-અલ્ટો વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૨૦

દહેગામ-નરોડા હાઈ-વે પર શીવનગર પાટીયા પાસે કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કાર ચાલક યુવાનનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયુ હતું.

મળતી માહિતી મુજબ હરસોલી ખાતે રહેતો યુવક જયેન્દ્ર શ્રીમાળી શનિવારના રોજ નરોડા થી દહેગામ તરફ કાર લઈને યુવક જઈ રહ્યો હતો. તે સમયે ગલુદણ ગામની સીમમાં શીવપુરા પાટીયા પાસે ટ્રક-કાર ધડાકાભેર અથડાયા હતા. જેમાં કારના આગળના ભાગનો ખુડદો બોલી ગયો હતો. કેઈન બોલાવીને ટ્રક નીચે ઘુસી ગયેલી કાર બહાર નીકાળીને મૃતદેહ બહાર નીકાળ્યો હતો. યુવકને દાઢી, છાતી, અને પેટ તેમજ બન્ને હાથે અને જમણા પગે ઈજાઓ થઈ હોવાથી ઘટનાસ્થળે જ તેનું મૃત્યું થયું હતું. બનાવને પગલે એચ.આર.૩૯.ઈ.-૩૬૩૮ નંબરના કન્ટેનરનો ચાલક તે મુકીને ભાગી ગયો હતો. બનાવ અંગે કૌંટુબીક ભાઈ પિયુષ શ્રીમાળીની ફરીયાદને પગલે ડભોડા પોલીસે ગુનો નોંધી ફરાર ટ્રક ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ઘણા દિવસો સુધી કોરોનાના ભના કારણે ઘરોમાં બંધ રહેલા શહેરીજનો હવે બરાબરના કંટાળ્યા છે. થોડાક સમય પહેલાં જ બાગ બગીચાઓ ખુલતા ગાંધીનગર ઉપરાંત આસપાસના વિસ્તારોના પરિવારો બાગ બગીચાઓમાં હરવા ફરવા ઉમટી રહ્યા છે. સેકટર-૨૮ અને સરિતાઉદ્યાન જેવા શહેરના જાણીતા બગીચાઓ રવિવારની રજામાં ભરચક જોવા મળ્યા હતા.

## સ્ટેટ આઈબીના ઉચ્ચ અધિકારીઓ કોરોનાથી સંક્રમિત

ગાંધીનગર, તા.૨૦

સમગ્ર દેશભરમાં કોરોનાએ કાળો કેર વર્તાવ્યો છે અને ગુજરાતમાં પણ દિન પ્રતિદિન કોરોના સંક્રમણના કેસોની સંખ્યામાં કુદકે ને ભુસકે વધી રહી છે. આ મહામારીએ હવે કોરોના વોરીયર્સ સમા પોલીસ બેડામાં પણ પગ પેસારો કર્યો છે અને સ્ટેટ આઈબી વિભાગને પણ ઝપટે લીધુ છે. રવિવારના રોજ આઈબીના પાંચ એસપી, એક ડીવાયએસપી, અને બે પીઆઈને કોરોના સંક્રમણના અહેવાલોને પગલે ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ રાજયમાં કોરોનાનો કહેર વધી રહ્યો છે. સ્ટેટ આઈબીના એક સાથે પાંચ એસપી કોરોના પોઝીટીવ આવતા ચાર એસપી રેન્કના અધિકારી હોમ કવોરન્ટાઈન થયા છે. જયારે એક એસપી ગાંધીનગરની એસએમવીએસ હોસ્પિટલમાં સારવાર માટે એડમીટ થયા છે. જયાં તેઓની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. સરકારે કોરોના ટેસ્ટની સંખ્યામાં વધારો કર્યો છે જેને પગલે રાજયમાં કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થવા પામ્યો છે. સ્ટેટ આઈબીના વડાએ તાજેતરમાં અધિકારીઓ સાથે એક બેઠક યોજી હતી. આ બેઠકને ચાર કે પાંચ દિવસ બાદ એક સાથે સ્ટેટ આઈબીના એસપી રેન્કના પાંચ અધિકારીઓ, એક ડીવાયએસપી અને બે પીઆઈ કોરોનાથી સંક્રમિત થતા પોલીસ બેડમાં ચકચાર મચી જવા પામી છે.

# મારી સેવાથી કોઈ 'હેપ્પી' થાય એટલું મારા માટે પુરતું....!!!

## થેલેસેમિયા-લ્યુકેમિયા જેવા ગંભીર રોગોના બાળ દર્દીઓ માટે નિયમિત 'પ્લેટલેટસ' ડોનેશન કરતો ગાંધીનગરનો યુવાન એસડીપી ડોનેશન સાથે રકતદાન ઉપરાંત અન્નદાન સહિતની અનેક સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ કાર્યરત

ગાંધીનગર, તા.૨૦

એક તરફ સમગ્ર વિશ્વ અત્યારે કોરોના વાયરસ સંક્રમણમાંથી મુકત થવા રીતસર ઝઝુમી રહ્યું છે અને હજુ સુધી આ મહામારીથી બચવા કોઈ દવા કે રસી જેવો સચોટ રસ્તો પ્રાપ્ત થયો નથી જેના કારણે દિન પ્રતિદિન સંક્રમિત દર્દીઓની સંખ્યા વધતી જઈ રહી છે. આ દર્દીઓ પૈકી જે સાજા થઈ જાય છે તેમના રકતમાં રહેલું 'પ્લાઝમા' નામનું તત્વ અન્ય કોરોના સંક્રમિત દર્દીની સારવારમાં ઉપયોગી સાબિત થઈ રહ્યું છે પરંતુ પુરતી જાગૃતિના અભાવે તેમજ અન્ય બિમારી ના હોય તેવા કોરોના મુકત થયેલા દર્દીની સંખ્યા ઓછી હોવાથી 'પ્લાઝમા' ડોનેશન પુરતી સંખ્યામાં પ્રાપ્ત થઈ રહ્યું નથી. આ પ્રકારની સ્થિતિ થેલેસેમિયા કે લ્યુકેમિયા જેવા અત્યંત ગંભીર રોગોમાં પણ જોવા મળી રહી છે જેમાં ફર્ક એટલો છે કે તેમાં પ્લાઝમાને બદલે રકતમાં રહેલા 'પ્લેટલેટસ'ની જરૂર પડે છે અને તે કોઈ પણ સામાન્ય રકતદાતા પણ આપી શકે છે. જો કે 'પ્લાઝમા'ની જેમ 'પ્લેટલેટસ' મેળવવાની એક ખાસ પધ્ધતિ હોય છે જેને એસડીપી એટલે કે 'સિંગલ ડોનર પ્લેટલેટસ' કહેવામાં આવે છે અને ગાંધીનગરના સેકટર-૫માં રહેતો એક યુવાન લ્યુકેમિયા એટલે કે બ્લડ કેન્સરગ્રસ્ત બાળકો માટે નિયમિત દર મહિને બે વાર એસડીપી કરી રહ્યો છે.

ગાંધીનગરમાં પાટનગર યોજના ભવનના વિદ્યુત વિભાગમાં ઈલેકટ્રિશ્યિન તરીકે સેવા આપી નિવૃત્ત થયેલા મહેન્દ્રભાઈ લેઉવા અને તેમના ધર્મપત્નિ ચંપાબેનની એક દિકરી અને બે દિકરા એમ ત્રણ સંતાનો પૈકીના બીજા નંબરના દિકરા તુષાર લેઉવાએ સરકારી વિજ્ઞાન કોલેજમાંથી ગ્રેજયુએશન કર્યા પછી અમદાવાદ સિવિલ હોસ્પિટલના કેન્સર વિભાગમાંથી લેબોરેટરી ટેકનિશ્યિન માટેનો એમએલટીનો અભ્યાસ કર્યો અને તેજ વિભાગની બ્લડબેંકમાં નોકરી પ્રાપ્ત કરી છે. કેન્સર વિભાગમાં સારવાર માટે આવતા દર્દીઓમાં લ્યુકેમિયા એટલે કે બ્લડ કેન્સર તેમજ થેલેસેમિયા મેજરના બાળ દર્દીઓને જોઈ સંવેદનશીલ તુષાર લેઉવાનું હૃદય હચમચી ઉઠતું હતું. તેમણે પહેલીવાર વર્ષ ૨૦૦૯માં રકતદાન કર્યું તે પણ બ્લડબેન્કમાં થેલેસેમિયાની સારવારમાં ડાયાલીસીસ માટે આવેલા એક બાળ દર્દી માટે હતું. પોતે બ્લડબેંકમાં હોવાથી તેમની પાસે રકતની જરૂરિયાત માટે અનેક કોલ્સ આવતા હતા તેમજ તેઓ પણ અનેક રકતદાતાઓના સંપર્કમાં આવ્યા હતા જેના પગલે રકતદાનની સેવા પુરી પાડતી વિવિધ સેવાકીય સંસ્થાઓ અને રકતદાતાઓના સોશ્યલ મિડીયા પરના ગ્રૂપમાં તેઓ જોડાયા જેના થકી તેમણે અણીના સમયે જરૂરિયાતમંદોને રકતદાનની વ્યવસ્થા કરી આપવાની સેવામાં સક્રીય ભૂમિકા ભજવવા માંડી છે. આ દરમિયાન તેમણે અનુભવ્યું કે શ્રમિક વર્ગના બાળકોમાં થેલેસેમિયા મેજર કે લ્યુકેમિયા જેવા રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે તેથી તેમણે નક્કી કર્યું કે પોતે આ માટે સક્રીય રીતે સેવા કાર્ય કરશે અને અત્યાર સુધીમાં તેઓ કુલ ૪૩ વાર રકતદાન કરી ચુકયા છે જેમાં ૨૩ વાર એસડીપી ડોનર તરીકે સેવા આપી ચુકયા છે.

એસડીપી પધ્ધતિ અનુસાર ડોનરના શરીરમાં એક મશીન દ્વારા રકત બહાર કાઢી તેના ત્રણ ભાગો પ્લેટલેટસ, પ્લાઝમા અને રકતકણોને અલગ કરવામાં આવે છે અને જે પૈકી રકતકણો સહિતના લોહીને પરત એસડીપી ડોનરના શરીરમાં દાખલ કરી દેવામાં આવે છે. આ રીતે એસડીપી ડોનર એક મહિનામાં ૬ દિવસનો લઘુત્તમ ગાળો રાખીને એક મહિનામાં બે વાર એસડીપી ડોનેશન કરી શકે છે અને હાલ તુષાર લેઉવા દર પંદર દિવસે નિયમિત એસડીપી ડોનેશન કરી રહ્યા છે જે પણ માત્ર બાળ દર્દીઓના ઉપયોગ માટે જ. આ સાથે સેવાકીય પ્રવૃત્તિઓમાં રૂચિ ધરાવતા હોવાથી તેઓ સોશયલ મિડીયાના પ્લેટફોર્મ અને તેમના જેવા મિત્રોના સહયોગથી જયાં પણ રકતની જરૂર હોય ત્યાં રકતદાનની વ્યવસ્થા કરી આપવાની સેવામાં સક્રીય ભૂમિકા ભજવી રહ્યા છે. તાજેતરમાં વ્હોટસએપ મેસેજ પરથી પ્રાપ્ત થયેલ માહિતીના આધારે તેમણે જામનગરની એક શ્રમજીવી પરિવારની દિકરી જેને પગમાં જંતુ કરડવાથી થયેલા ચેપના કારણે પગ કપાવવો પડતાં તેના ઓપરેશન માટે જરૂરી ૨૨ યુનિટસ રકત પૈકી ૧૫ યુનિટસ રકતની વ્યવસ્થા ઉત્સવ સોલંકી નમના મિત્રની મદદ લઈ કરી આપી હતી. આ જુનાગઢના એક દર્દીને એબી-નેગેટીવ જેવા બ્લડગ્રૂપ જે એક હજાર વ્યકતિઓ પૈકી માંડ દસ થી બાર વ્યકિતમાં મળે છે તેની મહિનામાં બે વાર રકતની જરૂર હતી તે પુરી કરી આપી હતી. ગાંધીનગર-અમદાવાદની વિવિધ સેવાકીય સંસ્થાઓ જેવી કે સોહાર્દ ગ્રૂપ, પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ, વિશ્વ અવર રિસ્પોન્સિબિલીટી વગેરે સાથે સંકળાઈને રકતદાન મેળવી આપવાની સેવા આપવા સાથે ગાંધીનગર વોલિયન્ટર્સ ગ્રૂપ સાથે જોડાઈને તેઓ જરૂરિયાતમંદ વર્ગના બાળકોને દૂધ-કેળાંથી માંડીને વિવિધ મદદ, આ પરિવારોને અનાજ કરિયાણાની કીટ, વૃક્ષારોપણ સહિતની પ્રવૃત્તિઓમાં પણ તેઓ નિયમિત કાર્યરત છે એટલું જ નહી પરંતુ શિયાળામાં ધાબળા વિતરણ, ઉનળામાં પગરખાં વિતરણ, રોબિન હૂડ આર્મી સાથે જોડાઈને ભોજન સેવા વગેરે સેવા પણ કરી રહ્યા છે. તુષાર લેઉવાએ પોતાની કેન્સર હોસ્પિટલના એક સફાઈ કામદારની દિકરીના ઉચ્ચ અભ્યાસ માટે નિયમિત શૈક્ષણિક કીટ પુરી પાડવાની જવાબદારી સ્વીકારી છે એટલું જ નહી તેઓ નિયમિત હોસ્પિટલના સ્ટાફ મિત્રોને પણ રકતદાન માટે પ્રોત્સાહન આપતા રહે છે અને પોતે દર વર્ષે પોતાના જન્મદિન ૭મી ડિસેમ્બર અને વિશ્વ રકતદાતા દિવસ ૧૪મી જૂને નિયમિત અચૂક રકતદાન કરે છે. અત્યારે તેમની ડયુટી ૩ માસ માટે કોરોના લેબોરેટરીમાં સેમ્પલ ટેસ્ટીંગમાં લાગી છે તેવા કોરોના વોરિયર તુષાર લેઉવા માને છે કે 'મારાથી બનતી સમાજ સેવા કરું જેના થકી કોઈ 'હેપ્પી' થાય તેટલું મારા માટે પુરતું છે.'

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com